# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

**માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા - 2012નું એકંદર પરિણામ 69.10 ટકા**

ધોરણ 10ના અંતે લેવાતી માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર પરીક્ષા માર્ચ-2012નું પરિણામ આજ રોજ બોર્ડની વેબસાઈટ www.gseb.org પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. આ પરીક્ષામાં કુલ 9,26,115 ઉમેદવારોએ આવેદનપત્રો ભર્યાં હતાં, તે પૈકી 9,10,362 ઉમેદવારો પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી 6,29,083 ઉમેદવારો માધ્યમિક શાળાંત પ્રમાણપત્ર મેળવવાને પાત્ર થાય છે. આમ, ઉપસ્થિત ઉમેદવારોની સાપેક્ષમાં પ્રમાણપત્ર મેળવવાને પાત્ર ઉમેદવારોની ટકાવારી 69.10% થવા જાય છે. શાળાઓને ગુણપત્રક / S.R. / પરિણામ પુસ્તિકા અને અન્ય સાહિત્યનું વિતરણ તા. 7-6-2012ના રોજ કરવામાં આવનાર છે.

આ પરીક્ષા રાજ્યમાં 615 નિયમિત પરીક્ષા કેન્દ્રો તથા 120 પેટાકેન્દ્રો મળી કુલ 735 કેન્દ્રો પર લેવાયેલ હતી, જેમાં રણુંજ કેન્દ્રનું પરિણામ સૌથી વધુ 98.88% તથા ખાનવેલ કેન્દ્રનું પરિણામ સૌથી ઓછું 23.01% આવેલ છે.

જે ઉમેદવારોને જે વિષયમાં 'D' કરતાં ઊતરતો ગ્રેડ મળેલ છે, અર્થાત્ 33% કરતાં ઓછા ગુણ મળેલ છે, તેવા ઉમેદવારોના ગુણપત્રકમાં 'Needs Improvement' છાપવામાં આવેલ છે. પરિણામ પત્રકમાં વિદ્યાર્થીના વિષયવાર માર્ક્સ, વિષયવાર ગ્રેડ, એકંદર ગ્રેડ તેમજ પર્સન્ટાઈલ રેન્ક દર્શાવવામાં આવેલ છે.

માર્ચ-2012ની પરીક્ષામાં નિયમિત વિદ્યાર્થી તરીકે 7,39,906 ઉમેદવારો નોંધાયા હતા, જે પૈકી 7,33,615 ઉમેદવારો પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી 5,59,674 ઉમેદવારો પ્રમાણપત્રને પાત્ર બનતા તેનું પરિણામ 76.29% આવ્યું છે, જ્યારે ખાનગી ઉમેદવારો તરીકે રાજ્યની Gujarat State Open School Society (GSOS) મારફતે નોંધાયેલા 40,938 ઉમેદવારો પૈકી 38,652 ઉમેદવારોએ પરીક્ષા આપી હતી, જે પૈકી 15,573 ઉમેદવારો પ્રમાણપત્રને પાત્ર બનતા તેનું પરિણામ 40.29% આવ્યું છે. તે જ રીતે અગાઉનાં વર્ષોમાં સફળ ન થયા હોય તેવા રિપિટર ઉમેદવાર તરીકે 1,40,024 ઉમેદવારો નોંધાયા હતા, જે પૈકી 1,38,095 ઉમેદવારો પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી 53,837 ઉમેદવારો પ્રમાણપત્રને પાત્ર બનતા તેનું પરિણામ 38.98% આવ્યું છે. કુલ 5,247 ઉમેદવારોએ પૃથક્ ઉમેદવાર તરીકે એક કે વધુ વિષયની પરીક્ષા આપી હતી.

માર્ચ-2011થી બોર્ડે પરીક્ષામાં ગ્રેડિંગ સિસ્ટમ દાખલ કરી છે, જેનાથી વિદ્યાર્થીઓની મનોવૈજ્ઞાનિક સ્થિતિમાં ફાયદો થયો છે. બોર્ડે વિદ્યાર્થીઓના ગુણપત્રકમાં 'પર્સન્ટાઇલ રેન્ક' આપવાનું પણ નક્કી કરતા વિદ્યાર્થીઓ, ઉત્તીર્ણ થતાં વિદ્યાર્થીઓ પૈકી તેમનો સાપેક્ષ દેખાવ જાણી શકે છે અને પર્સન્ટાઇલ રેન્કના આ માપદંડને કારણે વિદ્યાર્થીઓના મોટા જૂથસમૂહ તથા જુદા જુદા સમયકાળ માટેની વાજબી સરખામણી શક્ય બની છે. ચાલુ વર્ષે 7,074 વિદ્યાર્થીઓ 99.00 કરતાં વધુ પર્સન્ટાઇલ રેન્ક મેળવી રહ્યા છે, જે આંકડો ગત વર્ષે 6,913 હતો.

ગુણપત્રકમાં વિષયવાર ગુણની સામે ગ્રેડ તેમજ એકંદર ગ્રેડ આપવામાં આવેલ છે. આ ગ્રેડિંગ પ્રથામાં A-1, A-2, B-1, B-2, C-1, C-2, D, E-1 અને E-2 આ રીતે જ ગ્રેડ આપવામાં આવે છે. D ગ્રેડ કે તેથી ઉપરનો ગ્રેડ પ્રાપ્ત કરનારના ગુણપત્રકમાં 'Qualifiled for Secondary School Certificate' એમ લખવામાં આવ્યું છે, જ્યારે 'D' ગ્રેડથી નીચો ગ્રેડ મેળવનાર ઉમેદવારોના ગુણપત્રકમાં 'Needs Improvement' એમ લખવામાં આવ્યું છે, જે તેઓએ અમુક વિષયની પરીક્ષા પુનઃ આપવાની આવશ્યકતા છે, તેવું દર્શાવે છે.

માર્ચ-2012માં 1,66,268 ઉમેદવારોને એક કે બે વિષયમાં સુધારણાને અવકાશ હોવાથી તેઓ જુલાઈ-2012માં લેવાનાર પૂરક પરીક્ષા આપી શકશે.

ઉમેદવારોને ગુણપત્રકનું વિતરણ તા. 7-6-2012ના રોજ પોતાની શાળામાં કરવામાં આવશે. ગુણચકાસણી અને દફતરચકાસણીની અરજી તા.16-6-2012 સુધીમાં કરી શકાશે.

આ ઉપરાંત બોર્ડ દ્વારા સંસ્કૃત પ્રથમા પરીક્ષાનું પરિણામ પણ આજ રોજ જાહેર કરવામાં આવે છે. રાજ્યની 42 સંસ્કૃત પાઠશાળાઓના 596 નોંધાયેલા ઉમેદવારો પૈકી 590 ઉમેદવારોએ આ પરીક્ષા આપી હતી, જેમાંથી 505 વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતા તેનું પરિણામ 85.59% આવેલ છે. પાઠશાળાઓને પણ તા. 7-6-2012ના રોજ ગુણપત્રકો ઉપલબ્ધ થશે.

ખાસ ફરજ પરના અધિકારી
વડોદરા